**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૩/૩/૨૦૧૪ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૭૧૯/૧૪**

**ક્રાઈમબ્રાન્ચ**

અમદાવાદ શહેરમાં વાહન ચોરીના બનાવો બનતા હોય જેથી આવા ગુના બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અન્વયે નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૧૩/૩/૨૦૧૪ ના રોજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પો.સ.ઈ. શ્રી બી.આર.પરમાર તથા પો.સ.ઈ.શ્રી સી.બી.ચૌધરી નાઓ તેઓની ટીમના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન .અખબારનગર બસ સ્ટેન્ડ પાસે આવતાં સાથેના હે.કો વિક્રમસિંહ ચંદ્રસિંહ તથા હે.કો. સુરેશભાઈ રામજીભાઈ નાઓની બાતમી આધારે દર્શન ગણેશભાઈ રાજપુત ઉ.વ.૩૦ રહે : ૧/૧૧ વિશ્રામપાર્ક ભાવસાર હોસ્ટેલ પાસે નવાવાડજ અમદાવાદ નાનો તેના કબજાની એક હિરાહોન્ડા સ્પ્લેન્ડર નં. જી.જે.૧.જે.કે. ૭૯૬૫ ની સાથે શકમંદ હાલતમાં મળી આવતાં પકડી લીધેલ જેની પાસેના બાઈકની માલીકી બાબતે તેની પાસે આર.સી.બુક અગર બીલ અગર બીજુ કોઈ લખાણ હોય તો રજુ કરવા જણાવતા નહી હોવાનુ જણાવતાં તેની પાસેનુ બાઈક સદર બાઈક કિ.રૂ.૩૦,૦૦૦/- ગણી સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરી કબજે કરવામાં આવેલ છે.

સદર પકડાયેલ દર્શન ગણેશભાઈ રાજપુતની તેની પાસેથી મળી આવેલ બાઈક બાબતે પુછપરછ કરતાં તેણે આ બાઈક વિજય ચાર રસ્તા ખાતે આઠેક મહિના પહેલા ચોરેલ હોવાનુ અને આ સિવાય પોતે બીજી પણ કેટલીક બાઈકો તેમજ એકટીવા અને એકસેસ અમદાવાદ શહેરમાંથી છેલ્લા આઠેક મહિના પહેલા ચોરી કરેલ હોવાની કબુલાત કરતાં તેની કબુલાત આધારે આગળની તપાસ કરી સદર આરોપીએ ચોરેલ વધુ વાહનો જેમાં સ્પ્લેન્ડર નંગ-૪ , પલ્સર નંગ-૨, એકટીવા નંગ-૧ તથા એકસેસ નંગ-૧ મળી કુલ ૮ વાહનો કુલ્લે કિ.રૂ.૨,૩૦,૦૦૦/- ના કબજે કરવામાં આવેલ છે. જે વાહનો આરોપીએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદમાં શહેરના નારણપુરા, નવરંગપુરા, સેટેલાઈટ તથા એલીસબ્રીજ વિસ્તારમાંથી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે. જે અંગે તપાસ કરતાં (૧) નવરંગપુરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૭/૨૦૧૪ મુજબનો સ્પલેન્ડર ચોરીનો ગુન્હો તથા (૨) સેટેલાઈટ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૩૨૩/૨૦૧૩ નો એક્સેસની ચોરીનો તથા (૩) સેટેલાઈટ પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં-૧૦૩/૧૨ નો પલ્સર ચોરીનો તથા (૪) ગુ.યુનિવર્સીટી ફર્સ્ટ ગુ.ર.નં-૨૧૮/૧૩ નો એકટીવા ચોરીના ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબના વાહન ચોરીના ગુનાઓ ડીટેકટ થવા પામેલ છે. અને બાકીના વાહનો બાબતે નોંધાયેલ ગુનાઓ અન્વયેની તપાસ તજવીજ હાલમાં ચાલુ છે.

# <u>ઃ પ્રેસ નોટ ઃ</u>

## "સરદાર પટેલ રીંગ રોડ પર ટ્રકોમાંથી થતાં માલસામાનની ચોરીમાં ૯ આરોપીની કુલ.૮૬,૧૨,૧૪૧/- ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી"

**સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી મનોજ શશીધર સેક્ટર.૨ અ'વાદ શહેર નાઓ તરફથી સુચના મળેલ કે, તાજેતરમાં હાઇવે ઉપર તથા રીંગ રોડ ઉપર ટ્રકોમાંથી માલ સામાનની ચોરીના બનાવો વધવા પામેલ હોય જે બનાવો શોધી કાઢવા તથા અટકાવવા જેથી સેક્ટર.૨ સ્ક્વોર્ડના પોસઇ એચ.વી.સીસારા તથા હેકો મનોજકુમાર રણછોડભાઇ બનં.૮૧૮૨, હેકો પ્રહલાદસિહ રતનસિહ બનં.૯૧૨૦, પોકો સુરેશ શ્રીધરન બનં.૬૧૦૧, પોકો પ્રવિણસિહ અમરસિહ બનં.૯૬૨૦, પોકો ધર્મરાજ યૂવરાજ બનં.૮૬૯૮ તથા પોકો જયેન્દ્રસિહ કેશરીસિહ બનં.૬૨૬૨ નાઓ સાથે સેક્ટર.૨ વિસ્તારમાં આવેલ રામોલ રીંગરોડ ઉપર ઉપરોક્ત પ્રવૃતિ અંગે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકિક્ત મળેલ કે, "રીન્કુ લંગડો નામનો ઇસમ રામોલ રીંગ રોડ ઉપર લોખંડ ચોરીનુ કોંભાંડ ચલાવે છે" તો હકિક્તની ખાત્રી કરી હકિક્ત સત્ય જણાતા વહેલી સવારે સેક્ટર.૨ સ્ક્વોર્ડ વસ્ત્રાલ ચાર રસ્તા પાસે આરએએફ કેમ્પની બાજુમાં એસબીઆઇ એટીએમ પાછળ ખુલ્લી જગ્યામાં રેડ કરી ત્યારે કુલ પાંચ ટ્રક ચાલકો <u>(૧) વિજય પ્રતાપસિંગ રાજપુત રહે.ગામ-ગંગોલી, તા-બિદંકી, જિ-ફતેપુર ઉતરપ્રદેશ (૨) ગજેન્દ્રસિહ મદનસિંહ ઝાલા રહે.ગામ-દેજરોટા, તા-હિમ્મતનગર, જિ-સાંબરકાંઠા (૩) નિયાજઅહેમદ એકલાક અહેમદ પઠાણ રહે.મદીનાનગર, રહેમતનગર પાસ બાપુનગર (૪) કાલુસિંગ પર્વતસિંગ ચૌહાણ રહે.ગામ-જુર, તા-કુસબડ, જિ-ઉદેપુરા, રાજસ્થાન (૫) તેજસિંગ કાનસિંગ રાજપુત રહે.ગોવાભાઇ રબારીની ચાલી સત્યમનગર અમરાઇવાડી અ'વાદ</u> નાઓ પોતાના ટ્રકોમાંથી લોખંડનો મુદ્દામાલ પોતાના માલીકની જાણ બહાર <u>જીતેન્દ્ર ઉર્ફે રીન્કુ ઉર્ફે લંગડો કપુરચંદ જૈન રહે.૪/૧૦૭, સત્યમનગર, નાગરવેલ હનુમાન, અમરાઇવાડી, અમદાવાદ</u> તથા તેના ભાગીદાર <u>હેમેન્દ્રભાઇ ચૌહાણ રહે.મહાદેવનગર અ'વાદ</u> ને વેચતા અને આ ટ્રકોમાંથી કાઢેલો મુદ્દામાલ આશરે ૬ ટન કિ.રૂ.૧,૫૨,૫૦૦/- નો જીતેન્દ્ર ઉર્ફે રીન્કુ ઉર્ફે લંગડો કપુરચંદ જૈન નાઓને પોતાના સાગરીતો <u>(૧) ભુપેન્દ્રસિહ રઘુનાથસિહ ચૌહાણ રહે.એ/૫૫,</u>**

સુમીન નગર, વસ્ત્રાલ રોડ, રામોલ અ'વાદ (૨) શંભુનાથ શીવનાથ યોગી રહે.સાવરીયા હોટલ, આરએએફના ગેટ પાસે, વસ્ત્રાલ, અ'વાદ મુળવતન ગામ-લડકી, તા-રાવપુર જિ-ભીલવાડા, રાજસ્થાન (૩) હિતેન્દ્રસિંહ શાર્દુલસિહ ચૌહાણ રહે.સાવરીયા હોટલ, આરએએફના ગેટ પાસે વસ્ત્રાલ અ'વાદ મુળવતન ગામ-ખોડમાલ તા-બ્યાવર જિ-અજમેર રાજસ્થાન ધ્વારા બીજી ખાલી ટ્રકમાં ભરાવતા પકડાઇ ગયેલ છે આ બાબતે પોલીસે સરકાર તરફે ફરીયાદી બની કુલ.૬ ભરેલી ટ્રકો, બે એકટીવા, ૯ મોબાઇલ ફોન, એક વજન કાંટો, રોકડ નાણાં રૂ.૩૨,૪૦૦/- મળી કુલ્લે રૂ.૮૬,૧૨,૧૪૧/- ના મુદ્દામાલ સાથે ૯ આરોપીની ધરપકડ કરી ધી ઇપીકો કલમ ૪૦૭, ૩૭૯, ૪૧૧, ૪૧૪, ૧૧૪ મુજબ ગુનો રજીસ્ટર કરાવેલ છે.

આ ચોરીના રેકેટની હકિકત એવી છે કે, રીંગરોડ ઉપર લોખંડની હેરાફેરી કરતા ભારવાહક ટ્રકોના ડ્રાઇવરો પોતાના માલીકની જાણ બહાર ચોરી છુપીથી ટ્રકમાંથી અડધા ટન થી ટન સુધીનો માલ બારોબાર વેચી દેતાં હતાં અને આ રેકેટનો મુખ્ય સુત્રધાર જીતેન્દ્ર ઉર્ફે રીન્કુ ઉર્ફે લંગડો કપુરચંદ જૈન તથા તેનો ભાગીદાર હેમેન્દ્રભાઇ ચૌહાણ નાઓ રાત્રી દરમ્યાન ઘણી બધી ટ્રકોમાંથી અડધી કિમંતે ચોરીથી ઉતારેલ માલ સવારમાં વેચી દેતા હતાં જેથી સેક્ટર.૨ સ્કવોર્ડે વહેલી સવારે છાપો મારતાં ઉપરોક્ત ૯ ઇસમનો પકડી પાડેલ છે.ઉપરોક્ત બનાવ પૈકી બે ડ્રાઇવરો માલ ઉતારવા સારુ બાવળાથી વડોદરા જવાનુ હોવા છતાં માલ વેચવા ઉલટા રુટ ઉપર આવેલ છે.

આમ સેક્ટર.૨ સ્કવોર્ડે સરદાર પટેલ રીંગ રોડ પર ટ્રકોમાંથી થતા માલસામાનની ચોરીમાં ૯ આરોપીની કુલ.૮૬,૧૨,૧૪૧/- ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી રામોલ પોલીસ સ્ટેશન સોંપી આ ગુનાના વોન્ટેડ આરોપી હેમેન્દ્રભાઇ ચૌહાણને પકડવા ઉપર આગળની વધુ તપાસ રામોલ પોલીસ સ્ટેશન કરી રહી છે.

---

**<u>ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન</u>**

પો.સ.ઇ. જે.કે.ડાંગર તથા સર્વે.સ્કોડ ના માણસો પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.પો.કોન્સ.કરણસિંહ પ્રવિણસિંહ બ.નં-૪૧૧૯ તથા લોકરક્ષક ધર્મેન્દ્ર વરજાંગભાઇ બ.નં-૯૮૭ નાઓને મળેલ બાતમી હકિકત આધારે દાદાસાહેબના પગલાથી બાતમીવર્ણન વાળા ઇસમો (૧) સુરેશ ઉર્ફે સુર્યો વજાજી કટારીયા(મારવાડી) ઉ.વ.૨૪ રહે. આંબેડકરનગર કેશવ્વનગર સુભાષબ્રીજ નીચે સાબરમતી અ'વાદ શહેર નાઓની પાસેથી એક કાળા કલરની હીરો સ્પેલેંડર પ્રો.આર.ટી.ઓ નં- GJ-01-NM-5968 ENGINE NO-44023 CHESIS NO-54101 જે નારણપુરા પો.સ્ટે.ફ.ગુ.ર.નં-૧૩૦/૧૩ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબ ના કામે ચોરી થયેલ હતી.તે તથા (૨)કનૈયાલાલ ઉર્ફે કુણાલ પાંખરાજભાઇ વકતાજી લોહીયા ઉ.વ.૨૫ રહે.મ.નં-૭ રામદેવપીરની ચાલી આંબેડકરનગર સુભાષબ્રીજ અ'વાદ શહેરનાઓ પાસેથી એક સફેદ કલરની સુજુકી એક્સેસ ૧૨૫ GJ-01-NB-9855 ENGINE NO-F4862170998 CHESIS NO-MB8CF4CAAD8314593 જે નવરંગપુરા પો.સ્ટે.ફ.ગુ.ર.નં-૨૮/૧૪ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબ ગુનાના કામે ચોરી થયેલ હતી. જે આ બન્ને નારણપુરા તથા નવરંગપુરા પોલીસ સ્ટેશનના વાહન ચોરી ના ગુનાનો ભેદ ઉકેલી નાખેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.